# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-06-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PMની સાયપ્રસ મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાની પાંચ દિવસની મુલાકાત માટે રવાના થશે., મુલાકાતના પ્રથમ તબક્કામાં, શ્રી મોદી રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સના આમંત્રણ પર સાયપ્રસ પહોંચશે.અત્રે ઉલ્લેખનીય છે કે બે દાયકામાં ભારતીય પ્રધાનમંત્રીની સાયપ્રસની આ પ્રથમ મુલાકાત હશે.

------------------------------------------------------------------------------------------------

## ભારતીય વિમાન કાફલા નિરિક્ષણ આદેશ:

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ભારતીય વિમાન કાફલામાં 34 બોઇંગ, 787 વિમાનોનું વિસ્તૃત નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આમાંથી આઠ વિમાનોનું તાત્કાલિક નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ઘટનાની તપાસ માટે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી રહી છે. ગૃહ સચિવ આ સમિતિના અધ્યક્ષ રહેશે.

------------------------------------------------------------------------------------------------

## ગૃહમંત્રીની અમદાવાદ દુર્ઘટના સ્થળની મુલાકાત :

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. આ અગાઉ ગાંધીનગરમાં ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા FSL અને રાષ્ટ્રીય

ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયની પણ મુલાકાત લીધી હતી. તેમણે **DNA** પરીક્ષણની કામગીરીની સમીક્ષા કરી હતી.

---

## આરોગ્યમંત્રીની સમીક્ષા બેઠક:

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સમીક્ષા બેઠક યોજી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. મંત્રીએ કોલ્ડ સ્ટોરેજ રૂમની પણ મુલાકાત લીધી હતી જ્યાં મૃતદેહો રાખવામાં આવ્યા છે. દરમિયાન, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડીએનએ મેચિંગની પ્રક્રિયા ચાલી રહી છે. સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ ડીએનએ નમૂનાઓના આધારે અત્યાર સુધીમાં નવ પીડિતોની ઓળખ કરી છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના પાર્થિવ દેહની સોંપણી અંગેની મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. પાર્થિવ દેહને ઘર સુધી બાય રોડ પહોંચાડવા માટે સરકારી તંત્ર દ્વારા નિઃશુલ્ક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું કે મૃતદેહ સ્વીકારવા આવતા સ્વજનોએ પોતાની અને મૃતકની ઓળખ માટેના દસ્તાવેજો સાથે લાવવા જરૂરી છે.

જે પરિજનો પાર્થિવ દેહને અન્ય રાજ્ય કે દેશમાં હવાઈ માર્ગે લઈ જવા માગતા હોય, તેમને એર ઇન્ડિયા દ્વારા સંપૂર્ણ મદદ કરવામાં આવશે.

---

## પુર્વ CM સ્વર્ગીય વિજય રૂપાણીની પ્રાર્થના સભા:

**DNA**ની કામગીરી પૂર્ણ થયા બાદ ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગિય વિજય રૂપાણીના પાર્થિવદેહને રાજકોટ લઈ જવામાં આવશે. રાજકોટમાં સ્વર્ગિય વિજય રૂપાણીની અંતિમ ક્રિયાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. શહેરમાં રેસકોર્સના રમેશ પારેખ રંગ ભવન ખાતે તેમની વિશાળ પ્રાર્થના સભા યોજાશે.

---

# મેડીકલ પ્રવેશ પરીક્ષા NEET:

**મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG 2025 ના પરિણામો ગઈકાલે જાહેર કરવામાં આવ્યા છે. સ્કોર કાર્ડ પરીક્ષાની સત્તાવાર વેબસાઇટ - ntaneet.nic.in પર ઉપલબ્ધ છે. ઉમેદવારો તેમના સ્કોર કાર્ડ ડાઉનલોડ કરી શકે છે અને સત્તાવાર વેબસાઇટ દ્વારા મેરિટ લિસ્ટ પણ ચકાસી શકે છે.**

**અત્રે ઉલ્લ્લેખનીય છે કે આ પરીક્ષા MBBS, BDS, BAMS, BSMS, BUMS અને BHMS જેવા તબીબી સ્નાતક અભ્યાસમાં પ્રવેશ માટે લેવામાં આવી હતી.**

---

# વરસાદ:

ગઈકાલે અમરેલી, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર, ગોંડલ, ચોટીલા સહિતમાં વરસાદ વરસ્યો હતો. ગોંડલમાં એક કલાકમાં ચાર ઇંચ વરસાદ વરસ્યો હતો. રાજકોટ શહેરમાં ગઈકાલ સાંજના સમયે વાતાવરણમાં એકાએક મોટો પલટો આવ્યો હતો.અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો.

આજે અને આવતીકાલે કચ્છમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે. જયારે તા-17,18 અને 19 જુન દરમ્યાન કચ્છમાં વરસાદનું યલો એલર્ટ હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયુ છે.

દરમ્યાન પુર્વ કચ્છના રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર નંદાસર, સેલારી, જેસડા, ખેંગારપર વિસ્તારમાં ભારે પવન સાથે મોડી રાત્રે વરસાદનું આગમ થયુ હતું.

---

# રણોત્સવ-કચ્છ:

**પ્રવાસન ક્ષેત્રે કચ્છને ખ્યાતિ અપાવનારાં ધોરડોનાં સફેદ રણમાં ઊજવાતા રણોત્સવની વર્ષ 2025-26 માટેની તારીખ જાહેર થવાની સાથે વિધિવત બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ વર્ષે રણોત્સવ 23 ઓક્ટોબરથી શરૂ થશે અને પાંચ મહિનાથી વધુ સમય સુધી ચાલશે.**

**આ વખતે રણોત્સવનું સમાપન ચાર માર્ચના થશે. અત્રે ઉલ્લેખનીય છે કે બે વર્ષમાં 13 લાખ 72 હજાર પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી અને સફેદ રણનું સૌંદર્ય માણ્યુ હતું.**

---

## ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ-છ કોચનો ઉમેરો:

**ગાંધીધામ - જોધપુર એક્સપ્રેસમાં ગઇકાલથી વધારાના 6 કોચ ઉમેરવામાં આવ્યા છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. તો મુસાફરોને ટ્રેનના સમય અને અન્ય વિગતો માટે રેલવે વિભાગની વેબ સાઇટ WWW.ENQUIRY.INDIANRAIL.GOV.IN ની મુલાકાત લેવા અનુરોધ કરાયો છે.**

---